સામેરી-નાથ કહે સહુ સાંભળો, જેણે કરી કહ્યા ભગવાન ।
આ તને તે નવ કર્યું, અમથું કરો છો અનુમાન ॥૧॥
વેદ અમે વાળ્યા નથી, નથી શંખાસુર આદિ મારિયા ।
જેણે કરી ભગવાન જાણો, તે મત્સ્ય પ્રભુ મોર્યે થિયા ॥૨॥
પિઠ્ય ઉપર ગિરી ધરી, નથી મથીયો અમે મેરાણ ।
ચૌદ રત્ન લીધાં તેતો, કૂર્મ પ્રભુ પ્રમાણ ॥૩॥
હિરણ્યાક્ષ હણી પૃથવી, વાળી નથી આ વાર ।
જે પ્રાકમે પ્રભુ કહ્યા, એતો વરાહ અવતાર ॥૪॥
હિરણ્યકશિપુ મારીને, કરી જન પ્રહ્લાદની સાર ।

એહ પ્રતાપે પ્રભુ ખરા, તે તો નૃસિંહ અવતાર ॥૫॥
પંડ વધારી ભરી પૃથિવી, બળી છળીને લીધું રાજ ।
તેહ અમે કિધું નથી, એતો વામનજી મહારાજ ॥૬॥
તાતને હેતે હણ્યા ક્ષત્રિ, ફેરી ફરશિ એકવિશ વાર ।
તે પ્રતાપે પ્રભુ કહોતો, એતો પરશુરામ અવતાર ॥૭॥
ખર ડુખર ને કુંભકર્ણ, નથી માર્યો મેં રાવણ રાજ ।
એતો પ્રભુ રઘુનાથજી, બાંધી પાજ પત્ની કાજ ॥૮॥
કાળી નાથી કર ગિરિ ધરી, ઇંદ્રનું માન ઉખાડિયું ।
બ્રહ્માને મન ભંગ કરી, વિશ્વ માને મુખમાં દેખાડિયું ॥૯॥
અઘાસુર બકાસુર કેશી, વત્સ ધેનુકાસુર વૃષભ ।
વ્યોમાસુર ભૌમાસુર વળી, મુરદાનવ મધુકૈટભ ॥૧૦॥
કંસ ને વળી કાલયવન, શંખચૂડ ને શાલવ સહિ ।
બાણાસુર શિશુપાળ સરખા, જરાસંધ જેવા કહિ ॥૧૧॥
દંતવકાદિ દુષ્ટ દમ્યા, રમ્યા વ્રજયુવતિ સંગ ।
એહ પ્રાકમે કૃષ્ણ પ્રભુ, તેતો અમે ન કર્યાં અંગ ॥૧૨॥
જોઈ દુષ્ટ યજ્ઞ કરતા, મદ્ય ને માંસારી થયા ।
તેને મોહ પમાડી જીવ તાર્યા, તે પ્રભુ બુધ્ધજી કહ્યા ॥૧૩॥
પાખંડી બહુ પ્રકટી, સત્યધર્મ નાશ કરશે ।
જીવને શુધ્ધ બોધ દેવા, કલકિ તન ધરશે ॥૧૪॥
એહ આદિ અનંત દેહ, ધર્યા ધરણી ઉપરે ।
ખળબળ ખંડન કરી, તાર્યા જન બહુ એણિપેરે ॥૧૫॥
એમ અનેક અવતારમાં, બહુ બહુ કરીયાં કાજ ।
એહ માયલું અમમાં, કહો શું દીઠું તમે આજ ॥૧૬॥
એહ પ્રાકમે પ્રભુપણું, અમમાંહી એકે નથી ।
ન માનો તો જુવો નજરે, કહું તમને હું શું કથી ॥૧૭॥
એમ વાત કરી હરિ, સર્વે સંત સાંભળતાં ।
સુણી વચન વાલાતણાં, મુનિ મરકી બોલ્યા વળતાં ॥૧૮॥

નભ કહે હું નભ નહિ, કહે પવન હું નહિ પવન ।
તેજ કહે હું તેજ નહિ, એમ કહ્યું શ્રીભગવન ॥૧૯॥
જળ કહે હું જળ નહિ, ધરા કહે હું ધરા નહિ ।
સિંધુ કહે હું સિંધુ શાનો, તેમ પ્રભુ કહે હું પ્રભુ નહિ ॥૨૦॥
સૂર્ય કહે હું સૂર્ય શિયો, શશિ કહે હું શશિ નથી ।
એનો ઉત્તર એક ન મળે, જને વિચાર્યું મનથી ॥૨૧॥
એમ આવ્યું એ વાતમાં, સંતજને સમજી લયું ।
આપણે તો આનંદ છે, પણ બીજાનું તો ઘર ગયું ॥૨૨॥
એવું સુણી સંત સર્વે, લાગ્યા શિશ ડોલાવવા ।
કેવી વાત કરી હરિ, દુષ્ટ જન ભૂલાવવા ॥૨૩॥
હરિજન મન હરખિયાં, જોઈ જીવનની જુગતિ ।
આવી વાતે અન્ય જનનું, અવળું થાશે અતિ ॥૨૪॥
મસ્તજાતિ ભગવાનની, ઇચ્છા આવે તેમ ઓચરે ।
સંત સુણી સુખ પામે, અસંત ને અવળું કરે ॥૨૫॥
સંત સર્વે લીલા જાણી, ચિત્તમાં નિત્ય ચિંતવે ।
અસંત કહે આપણ જેવા, મનુષ્ય કરી મન લેખવે ॥૨૬॥
મનુષ્ય જાણી મોટા મોટા, ભ્રમિને ભૂલા પડ્યા ।
આપ બુદ્ધિએ અનુમાન કરી, થડ મુકી ડાળે ચડ્યા ॥૨૭॥
મનુષ્ય ચરિત્ર જોઈને, પારવતી નવ પ્રિછિયાં ।
રોતા દેખી શ્રીરામને, ભવાની ભૂલી ગયાં ॥૨૮॥
પનંગારી પાર્ષદ મોટો, નિત્ય રહે હરિને સંગે ।
નાગપાશે નાથ બાંધ્યા, દેખીને ભૂલ્યો અંગે ॥૨૯॥
બ્રહ્મા આવ્યા ભાળવા, ભૂલ્યા અન્ય આચારમાં ।
ચરિત્ર જોઈ મહારાજનાં, વિધિ પડ્યા વિચારમાં ॥૩૦॥
હર્યાં વત્સ વળી બાલકાં, પછી આવીને પેખીયું ।
બહુ વિધિએ વિલોક્યું, પણ અણુ ન્યૂન ન દેખિયું ॥૩૧॥
એવા એવાને એમ થયું, તો અવરનો શિયો આશરો ।

ચરિત્ર જોઈ ચળે નહિ, તેહ ભક્ત હરિનો ખરો ॥૩૨॥
નરતન ધરી નાથજી, કાંઈ કાંઈ હોયે કરતા ।
સુતા બેઠા જાગતા, ખાતા પીતા ઓચરતા ॥૩૩॥
જે જે ચરિત્ર કરે હરિ, તે જનનાં મન હરવા ।
લલિત લીળા લાલની, છે મુનિને ધ્યાન ધરવા ॥૩૪॥
એમ સમજી સંત સર્વે, મોહ ન પામે મનમાં ।
જેમ જેમ લીલા જુવે, તેમ તેમ રહે મગનમાં ॥૩૫॥
જે જે વાત હરિએ કરી, તે સર્વે સંતે સાંભળી ।
પાડી ના પ્રભુપણાની, પણ સંતની મતિ નવ ચળી ॥૩૬॥
પછી સંત બોલિયા, મુનિ વિચારી મનથી ।
મત્સ્યાદિ દેહે કર્યાં પ્રાક્રમ, તેતો તમે કર્યાં નથી ॥૩૭॥
પણ જેવું જણાય છે અમને, તેવું કહેશું કરભામિને ।
સમજી સમાગમ કર્યો છે, જાણી અંતરજામીને ॥૩૮॥
આગળ તમે જે ઓચર્યા, તેનું એમ જણાય છે આજ ।
નિરસંશય નિશ્ચય કરી, કહેશું કર જોડી મહારાજ ॥૩૯॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિ
મનુષ્યચરિત્ર કથન નામે એકસોને ચોથું પ્રકરણમ્ ॥૧૦૪॥